અપીલ અરજી નં. ૫૪૮ તા.૯–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી વાય. એમ. સૈયદ
સામાવાળ :– ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)
ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વાય. એમ. સૈયદની તા. ૩૦–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સોપારીવાલા કમ્પાઉન્ડમાં આવેલ જમીનમાં કુલ કેટલા પ્રોપર્ટી હોલ્ડરો છે હાલ આ જમીનનો વેરો કોણ ભરી રહયા છે તે વ્યકિતઓનાં નામ અને પાર્ટી સ્ટેટસની પ્રમાણિત નકલ વિ.મુદ્દા નં. (૧)થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૪૮/૨૦૧૧–૧૨

શ્રી વાય. એમ. સૈયદની તા. ૩૦–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સોપારીવાલા કમ્પાઉન્ડમાં આવેલ જમીનમાં કુલ કેટલા પ્રોપર્ટી હોલ્ડરો છે હાલ આ જમીનનો વેરો કોણ ભરી રહયા છે તે વ્યકિતઓનાં નામ અને પાર્ટી સ્ટેટસની પ્રમાણિત નકલ વિ.મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૨૨ તા.૧૮–૧–૧૨ થી ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ) , ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગના પત્ર નં.એફ.ઈએસ/આ./૪૪૧૪ તા.૨૪–૧–૧૨ થી અરજદારને પત્ર નં.એફઈએસ/જાવક/૪૨૦૮ તા.૯–૧–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા અરજદાર તરફથી કોઈ પુરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૩૦–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૬૧૪ તા.૧–૧૨–૧૨ જણાવી નિયત સમય અવધિમાં ચીફ ફાયર ઓફિસર ફાયર વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ ના પત્ર નં.એફઈએસ/જાવક/૪૨૦૮ તા.૯–૧–૧૨ થી માહિતી સમય અવધિ બાદ વિલંબથી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.૧ સોપારીવાલા કમ્પાઉન્ડમાં આવેલ જમીનમાં કુલ કેટલા પ્રોપર્ટી હોલ્ડરો છે હાલ આ જમીનનો વેરો કોણ ભરી રહયા છે તે વ્યકિતઓનાં નામ અને પાર્ટી સ્ટેટસની પ્રમાણિત નકલ મુદ્દા નં.ર સોપારીવાલા કમ્પાઉન્ડમાં કુલ કેટલી ઈમારતો બંધાઈ ગઈ છે. તેમાંથી કેટલા એ પ્લાન પાસ કરાવ્યા છે અને કેટલી ઈમારતો વગર પ્લાને બંધાયેલ છે. આ કમ્પાઉન્ડમાં કોમર્સિયલ હેતુ માટે જે પરવાનગી આપવામાં આવેલ હોય તેવા તમામ વ્યકિત કે સંસ્થાનાં નામ અને કયા પ્રકારના લાયસન્સ આપવામાં આવેલ છે. તેમજ મિલકત બાંધવા માટે આપવામાં આવેલ મંજુરીની રજા ચિઠ્ઠીની પ્રમાણિત નકલ. મુદ્દા નં.૩ સોપારીવાલા કમ્પાઉન્ડમાં તત્કાલિન મ્યુ. કમિશ્નર મેડમ અપર્ણાએ મુલાકાત લઈ અહીંયાની મિલકતોનું સર્વે કરી રિપોર્ટ આપવા જણાવ્યુ હતુ કે કેમ? જો જણાવ્યુ હોય તો તે સર્વેની પ્રમાણિત નકલ. મુદ્દા નં.૪ સોપારીવાલા કમ્પાઉન્ડની મિલકતોનો સર્વે કરવા કોર્પોરેશનના ધારાધોરણો મુજબ કયા આર્કિટેકને આ ઈજારો આપવામાં આવ્યો હતો. જો માનદ સેવા તરીકે આ ઈજારો આપવામાં આવ્યો હોય તો પણ સદર કામ માટેનાં નિયમો તેમજ આર્કિટેકનાં નામ સરનામા અને જે તે વ્યતિને આ કામગીરી સોંપવાનો વ્યાજબી કારણોની પ્રમાણિત નકલ. મુદ્દા નં.૫ સોપારીવાલા કમ્પાઉન્ડનાં સર્વેની કામગીરી સોંપવામાં આવેલ ઈજારદારે નિતી નિયમો અનુસાર કામગીરી કરી છે કે કેમ અને યોગ્ય સમયમાં કામગીરી પુર્ણ કરી જે રીપોર્ટ કર્યો હોય તેની પ્રમાણિત નકલ. મુદ્દા નં.૬ સર્વે માટે સોંપવામાં આવેલ કામગીરી વખતે સોપારીવાલા કમ્પાઉન્ડની પરિસ્થિતિ તેમજ હાલ એટલે કે તા.૩૦–૧૧–૨૦૧૧ નાં રોજની પરિસ્થિતિની સંપૂર્ણ પ્રમાણિત વિગત. તેવા પ્રશ્નો બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી કોઈ માહિતી આપેલ હોવાનું જણાયેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

મુદ્દા નં.૭ સોપારીવાલા કમ્પાઉન્ડમાં ફાયર સેફટીનાં નિયમો લાગુ પડે છે કે કેમો અને ભવિષ્યમાં કોઈ દુર્ઘટના સર્જાય તો ફાયર ફાયટરો સહિત બચાવ કામગીરી માટેના સાધનો સોપારીવાલા કમ્પાઉન્ડમાં તાત્કાલિક ધોરણે પહોંચી શકે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ તરફથી સોપારીવાળા કમ્પાઉન્ડમાં રહેણાંક મકાનો આવેલા છે. જે બે કે ત્રણ માળના છે અને ૧૩ મીટર કરતાં વધારે હાઈટ ધરાવતા નથી તેવા મકાનોને ફાયર સેફટીના નિયમો લાગુ પડતા નથી. કોઈ દુર્ઘટના સર્જાય ત્યારે મેન્યુઅલ મોડમાં બચાવ કામગીરી થઈ શકે અને આગના સંજોગોમાં વોટર રીલે સીસ્ટમથી આગ બુઝાવી શકાય તેમ છે. તેવુ સમય અવધિ બાદ જણાવેલ.

અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૯–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ તબકકે મુળ અરજીમાં ૧ થી ૭ પ્રશ્નો પુછવામાં આવેલ હતાં જેમા માત્ર ૭ માં પ્રશ્નમાં ફાયર વિભાગને લાગતી માહિતી પૂછવામાં આવી હતી છતાં સેન્ટ્રલઝોનના કાર્યપાલક ઈજનેર અને મદદનીશ માહિતી અધિકારી તરફથી તા.૧–૧૨–૧૨ જણાવી નિયત સમય અવધિમાં ચીફ ફાયર ઓફિસર ને અરજી તબદીલ કરેલ છે. જે અંગે ચીફ ફાયર ઓફિસર ફાયર વિભાગ તરફથી કોઈ માહિતી આપવામાં આવેલ નથી. પ્રશ્ન ૧ થી ૬ સેન્ટ્રલ ઝોનના શહેરી વિકાસ ખાતાને લાગુ પડતો હોવા છતાં માહિતી આપેલ નથી. તેવી રજુઆત કરેલ.

અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆરઈ સેલ/૧૫૨૨ તા. ૧૮–૧–૧૨ થી અપીલ દરમ્યાન માહિતી મળે તો તેમનો પક્ષ રજૂ કરવા જણાવવામાં આવેલ. જે અંગે કોઈ વિગત રજુ કરેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૯–૧–૧૨ ધ્યાને લેતાં ૭–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૩૦–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૭ પૈકી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી પુરી પડાયેલ ન હોઈ તે અંગેની દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,

(૧) ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ) , ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન.....જાણ તથા અમલ માટે

(૨) શ્રી વાય. એમ. સૈયદ,